# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 03-07-2025** **Midday : 2.30 to 2.35 pm**
**Day : Thursday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **અનિલ પટેલ** વાંચે છે.

---

સમાચારનાં અંતે

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા હતાં. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

---

આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ સાંજે સાત વાગીને દસ મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.)

(CLOSING MUSIC)

# GUJARAT RAIN

રાજ્યમાં આજે 107 તાલુકામાં વરસાદ નોંધાયો છે. જેમાં ઉત્તર ગુજરાતમાં ભારે વરસાદ નોંધાયો હતો. સાબરકાંઠા અને બનાસકાંઠા તથા મહેસાણામાં મુશળધાર વરસાદ ખાબક્યો હતો. આજે સવારના 6 વાગ્યાથી 12 વાગ્યા સુધીમાં સાબરકાંઠાના ઇડરમાં સૌથી વધુ સાડા પાંચ ઇંચ વરસાદ નોંધાયો છે.  સાંભળીએ અમારા પ્રતિનિધિ યોગેશ સથવારાનો અહેવાલ..

(વોઇસ કાસ્ટ : યોગેશ સથવારા-સાબરકાંઠા)

આ ઉપરાંત બનાસકાંઠાના ધાનેરામાં સાડા ચાર ઈંચથી વધુ વરસાદ નોંધાયો હતો. જેનાથી જનજીવન પ્રભાવિત થયું હતું. સાંભળીએ અમારા પ્રતિનિધિનો અહેવાલ..

(વોઇસ કાસ્ટ : સવજી ચૌધરી-બનાસકાંઠા)

જામનગરના જોડિયા તાલુકામાં ત્રણ ઈંચથી વધુ વરસાદ પડતાં નીચાણવાળા વિસ્તારમાં પાણી ભરાયા હતા. રાજ્યમાં અત્યાર સુધી સિઝનનો 36 ટકાથી વધુ વરસાદ નોંધાયો છે.

જળાશયોની સ્થિતિની વાત કરીએ તો રાજ્યના 21 જળાશયો હાઇએલર્ટ પર છે. જ્યારે 14 જળાશય એલર્ટ પર છે. ભારે વરસાદને કારણે રાજ્યમાં કુલ 74 જેટલા માર્ગ બંધ કરાયા છે.

મહેસાણા જિલ્લાના અમારા પ્રતિનિધી જયંતી ચૌધરી જણાવે છે કે, ધરોઈ ડેમમાં પાણીની આવક વધતા ડેમની સપાટી 610.29 ફૂટ પર

પહોંચી છે. ઉપરવાસમાં ભારે વરસાદને કારણે ડેમમાં 59 હજાર 166 ક્યુસેક પાણીની આવક થઈ છે.

ડેમમાં પાણીનો કુલ જથ્થો 59 ટકાએ પહોંચ્યો છે.

. . . . . . . . . . .

# KUTCH HIGHWAY

ગુજરાતમાં ધોળાવીરાથી સાંતલપુર સુધીના રાષ્ટ્રીય ધોરીમાર્ગ-754 K-ના 106.10 કિલોમીટર લાંબા ભાગને 575 કરોડ રૂપિયાથી વધુના ખર્ચે દ્વિ માર્ગીય કરવાની મંજૂરી અપાઈ છે.

કેન્દ્રીય માર્ગ પરિવહન મંત્રી નિતિન ગડકરીએ સોશિયલ મીડિયા પર માહિતી આપતા જણાવ્યું, આ ભાગ કચ્છના રણને જોડતી એક મહત્વપૂર્ણ વ્યૂહાત્મક કડી બનાવે છે.

આ પરિયોજના કચ્છના દૂરના અને શુષ્ક વિસ્તારો તેમજ રાજ્યના બાકીના ભાગ વચ્ચે જોડાણમાં સુધારો કરશે અને રાષ્ટ્રીય ધોરીમાર્ગ-27 પૂર્વ-પશ્ચિમ કોરિડોર સાથે એકીકૃત કરશે. આ પરિયોજના કચ્છ ક્ષેત્રમાં ખાસ કરીને યુનેસ્કો વર્લ્ડ હેરિટેજ સાઈટ ધોળાવીરામાં પ્રવાસન પ્રવાહમાં નોંધપાત્ર વધારો કરશે. તે કચ્છ ક્ષેત્રમાં મુખ્ય વિવિધ ખનિજ અને મીઠા ઉદ્યોગો માટે કોરિડોર તરીકે સેવા આપશે. શ્રી ગડકરીએ ઉમેર્યું, પાકા શોલ્ડર સાથે બે લેનમાં અપગ્રેડ કરવાથી ટ્રાફિકમાં ઘટાડો થશે, માર્ગ

સલામતી વધશે અને વાહન સંચાલન ખર્ચમાં ઘટાડો થશે, જેનાથી મુસાફરોનો અનુભવ સારો થશે અને માઇલેજમાં સુધારો થશે.

. . . . . . . . . . .

## AMBAJI SEED BALL FOR GREEN WALL

ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ શંકરભાઈ ચૌધરીએ આજે અંબાજી ખાતે સતત પાંચમાં વર્ષે "સીડબોલ ફોર ગ્રીન વોલ" અભિયાનનો પ્રારંભ કરાવ્યો. બનાસકાંઠા જિલ્લામાં 'અરવલ્લી ગ્રીનવોલ' રચવાના હેતુથી ગબ્બર, અંબાજી ખાતે બનાસ ડેરી, વન વિભાગ અને સ્વયં સેવકોના સહયોગથી આ અભિયાનનો પ્રારંભ થયો છે.

જુલાઈ મહિના દરમિયાન બનાસ ડેરી દ્વારા અરવલ્લીના પર્વતો પર એક કરોડથી વધુ સીડબોલનું વાવેતર કરાશે.

આ પ્રસંગે શ્રી ચૌધરીએ જણાવ્યું કે, અંબાજી સહિત જેસોર પર્વત પર સીડબોલનું શ્રેષ્ઠ પરિણામ મળ્યું છે. પર્વતોને હરિયાળા બનાવવાના હેતુસર વર્ષોથી ચાલતા આ અભિયાન થકી આજે વૃક્ષોમાં વધારો થયો છે.

બનાસકાંઠાની હજારો પશુપાલક બહેનો દ્વારા સીડબોલ બનાવવામા આવ્યા છે, જેમાં બનાસ ડેરી દ્વારા અલગ અલગ વૃક્ષોનું બિયારણ પૂરું પાડવામાં આવ્યું છે.

. . . . . . . . . . .

## ARVALLI PMJAY

અરવલ્લી જિલ્લાના વિવિધ વિસ્તારોમાં પ્રધાનમંત્રી જન આરોગ્ય કાર્ડ કાઢવા માટેનો કેમ્પ યોજાયો. જેમાં મોટી સંખ્યામાં લાભાર્થીઓ કાર્ડ કઢાવવા માટે પહોંચ્યા હતા. વયોવૃદ્ધ નાગરિકો માટે પણ વિશેષ આયોજન કરાયું. આ પ્રસંગે લાભાર્થી વિઠ્ઠલભાઈ પટેલે પ્રતિક્રિયા આપી.

(બાઈટ : વિઠ્ઠલભાઈ પટેલ, લાભાર્થી)

.......................................

# KUTCH HANDBALL

કચ્છ જિલ્લાના ભુજમાં રમાયેલી 54મી સિનિયર મહિલા હેન્ડબોલ રાષ્ટ્રીય સ્પર્ધાની ફાઈનલમાં પંજાબ વિજેતા બન્યું છે. જ્યારે ગુજરાતની ટીમ બની રનર્સઅપ થઈ છે. અગાઉ, લીગ રાઉન્ડ અને નોકઆઉટ હરીફાઈ બાદ આજે સ્પર્ધાની ફાઈનલ પંજાબ અને ગુજરાતની ટીમો વચ્ચે રમાઈ હતી. જેમાં ગુજરાતને હાર આપી પંજાબની ટીમે ખિતાબ જીત્યો હતો. ફાઈનલ બાદ વિજેતા અને રનર્સઅપ ટીમ, તેમજ સ્પર્ધામાં નોંધપાત્ર દેખાવ કરનાર ખેલાડીઓને પુરસ્કૃત કરવામાં આવ્યા હતા.

. . . . . . . . . . .

# DWARKA TEMPLE NSG COMMANDO

રાષ્ટ્રીય સુરક્ષા રક્ષક-NSGના કમાન્ડોએ દ્વારકાધીશ જગત મંદિરનું સુરક્ષા નિરીક્ષણ કર્યું હતું. સુરક્ષા જવાનોએ Z પ્લસ સુરક્ષા ધરાવતાં મંદિરની અંદર તેમજ બહારના ભાગમાં નિરીક્ષણ કરવામાં આવ્યું હતું.

કોઇપણ જાતની વિકટ પરિસ્થતિ દરમિયાન અભિયાન પાર પાડી શકાય તે માટે આ કવાયત હાથ ધરવામાં આવી હતી.

. . . . . . . . . . .